RESEARCH REVIEW JOURNALS
Volume-03
Issue-11
November -2018

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# સાક્ષરતા સંદર્ભમાં જેન્ડર અને લિંગ

ડૉ. દિનેશ જે. કણઝરિયા

*અધ્યક્ષ : સમાજશાસ્ત્ર વિભાગ, ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સોલા, અમદાવાદ*

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 10 November 2018

**Keywords**
*સામાજિક વસ્તીશાસ્ત્ર માનવવસ્તીના જૈવિક-સામાજિક*

**[*]Corresponding Author**
Email: *dinesh.umiya[at]gmail.com*

**ABSTRACT**

*સામાજિક વસ્તીશાસ્ત્ર માનવવસ્તીના જૈવિક-સામાજિક પાસાંઓનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે. માનવવસ્તીનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરતાં એક વિજ્ઞાન તરીકે સામાજિક વસ્તીશાસ્ત્રનું મહત્ત્વ માત્ર ભારતમાં જ નહીં પણ સમગ્ર વિશ્વમાં વધી રહ્યું છે. વસ્તીના કદ, વસ્તીની રચના, જન્મ દર અને મૃત્યુ દર, વસ્તીની સમસ્યાઓ, પ્રજનનશીલતા અને તેના પર અસર કરતા પરિબળો, વસ્તીની ગુણવત્તા વગેરે વસ્તી સાથે સંકળાયેલી અનેક ઘટનાઓ વિશે હકીકતલક્ષી માહિતી મેળવવા માટેના સર્વેક્ષણો, અભ્યાસો સંશોધનો વધતા રહ્યા છે. ૩૦૦ વર્ષ પહેલા વસ્તીશાસ્ત્રનો ઉદ્ભવ થયો હતો. વસ્તીશાસ્ત્રમાં વસ્તીને લગતાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કરવામાં આવે છે. જેમાં જેન્ડર અને સાક્ષરતાનો પણ અભ્યાસ કરવામાં આવે છે. સાક્ષરતાનાં સંદર્ભમાં જેન્ડરનો અભ્યાસ કરવામાં આવે છે.*

*'જેન્ડર' શબ્દનો સૌપ્રથમ પ્રયોગ ૧૯૭૦માં અમેરિકામાં એન. ઓકલેએ સમાજના સ્ત્રી-પુરુષના લક્ષણોનું વર્ણન કરવા માટે જીવશાસ્ત્રીને બદલે કર્યો હતો. સામાજિક સંદર્ભમાં જેન્ડરનો અર્થ લિંગ થાય છે. સ્ત્રી અને પુરુષ સાથે જોડાયેલી સામાજિક માન્યતાઓને જેન્ડર કહેવામાં આવે છે. ઈ.સ. ૧૯૭૦ સુધી જેન્ડર વિશેનો ખ્યાલ નારીવાદીઓમાં બહુ પ્રચલિત ન હતો. સ્ત્રી અને પુરુષ વચ્ચેનો તફાવત માત્ર જૈવકીય બાબતોથી નિયત થતો. ૧૯૪૦માં આ તફાવતને સારાંશરૂપે રજૂ કરનાર સાયમન બીવો રે હતા. તેમના મતે -*

*"કોઈ સ્ત્રી તરીકે જન્મતું નથી, પરંતુ તે સ્ત્રી બને છે. સ્ત્રીઓ જન્મતી નથી પરંતુ એને બનાવવાના વિચારો સાથે જેન્ડરની વિભાવના સંકળાયેલી છે."*

*૧૯૭૨માં એન. ઓકલેએ લિંગ અને વચ્ચેનો તફાવત શોધ્યો આ ખ્યાલ એમણે રોબર્ટ સ્ટોલર નામના મનોવૈજ્ઞાનિક પાસેથી ઉછીનો લીધો છે. રોબર્ટ સ્ટોલરે સંદિગ્ધ જાતીય અવયવો ધરાવનારાઓનો અભ્યાસ કર્યો.*

*જેન્ડરની વિવિધ લાક્ષણિકતાઓ છે. જેવી કે જેન્ડર સામાજિક, સાંસ્કૃતિક વાતાવરણમાં ઢળતો ખ્યાલ છે. સ્ત્રી-પુરુષના મહત્ત્વના પાસાને જેન્ડર સૂચવે છે. જેન્ડર એક બૌદ્ધિક અને સામાજિક ખ્યાલ છે. જેન્ડર સ્ત્રી અને પુરુષની એકધારી છાપ ઊભી કરે છે. જેન્ડર સ્ત્રી અને પુરુષના દરજ્જા, સત્તા અને સંબંધો સાથે સંકળાયેલ છે. સમયાનુસાર જેન્ડરમાં પરિવર્તન આવતો રહે છે. બાળક જન્મે છે ત્યારથી જ જેન્ડરનો ખ્યાલ ઉદ્ભવે છે. જેન્ડર ધર્મ, કુટુંબ, જ્ઞાતિ વર્ગ ના સંદર્ભમાં સ્ત્રી અને પુરુષ માટે આગવી ઓળખ ઊભી કરે છે. જે એના લૈંગિક દરજ્જા સાથે સંકળાયેલી છે. જેન્ડર સ્વ, સંસ્કૃતિ, સંબંધો અને પરંપરાને સમજવામાં ઉપયોગી બને છે. જેન્ડર સ્વખ્યાલ અને સ્વપ્રતિષ્ઠા નક્કી કરી શકે છે. જેન્ડર સાથે વિવિધ વિભાવનાઓ જોડાયેલી છે. જેમ કે, દરજ્જા વિભાવના, સત્તાની વિભાવના, જેન્ડર લર્નિંગ, જેન્ડર ગેપ, સમતા અને સમાનતા જેન્ડર અસમાનતા લિંગ અને જેન્ડરભેદ, જેન્ડર ભૂમિકા જેન્ડર રીલેશન વગેરે જેવી વિભાવનાઓ સંકળાયેલી છે.*

*જેન્ડરમાં શ્રમ આધારિત શ્રમવિભાજન જોવા મળે છે. દરેક સમાજ સ્ત્રી અને પુરુષોનો બનેલો છે. સ્ત્રી અને પુરુષનું શ્રમવિભાજન સમાજમાં સાર્વત્રિક છે, પરંતુ પ્રજોત્પતિ અને એ જૈવિકીય તફાવત સર્જે છે.* **પ્રોફેસર જ્યોર્જ મુરડૉક,** *જેમણે ૨૨૦ સમાજનો અભ્યાસ કર્યો જેમાં ૧૫૮ સમાજોમાં સ્ત્રી માટે રસોઈ એ શ્રમવિભાજનમાં અનિવાર્ય હતી અને ૧૦૪ સમાજના પુરુષોમાં આજીવિકા અનિવાર્ય હતી. શ્રમવિભાજન એ કુદરતનું શુદ્ધ અને પરિણામ હતું. કેટલાક સમાજમાં બાળસંભાળ એ માત્ર સ્ત્રીની પ્રવૃત્તિ છે, તો કેટલાક સમાજમાં એ માતા અને પિતા બંનેની જવાબદારી છે. આ તમામ બાબતોનો અભ્યાસ વસ્તીશાસ્ત્રમાં કરવામાં આવે છે.*

*ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ પ્રાચીનકાળમાં ખૂબ જ ઓછું હતું અને તેમાં પણ પુરુષો કરતાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું હતું, પરંતુ ધીમે ધીમે વર્તમાન સમય સુધીમાં સાક્ષરતાનું પ્રમાણ વધ્યું છે અને સાક્ષરતાનું પ્રમાણ વધવાની કારણે સ્ત્રી અને પુરુષના સામાજિક - સાંસ્કૃતિક તફાવતો એટલે કે જેન્ડર ગેપ ઘટ્યો છે. જેનો અભ્યાસ વસ્તીશાસ્ત્રમાં કરવામાં આવે છે. જેન્ડર અને સાક્ષરતાની સવિસ્તાર ચર્ચા કરતા પહેલા આપણે જેન્ડર એટલે શું તે જોઈશું.*

૧. **બૌદ્ધિક ખ્યાલ :** *જેન્ડરમાં સ્ત્રી અને પુરુષના સામાજિક સંબંધો નિર્દેશિત થાય આ દૃષ્ટિએ જોતાં જેન્ડર એ બૌદ્ધિક ખ્યાલ છે.*
૨. **સામાજિક ખ્યાલ :** *જેન્ડર એ બૌદ્ધિક ખ્યાલની સાથે-સાથે એક સામાજિક ખ્યાલ પણ છે. જેન્ડર સમય બદલાતા બદલાય છે. જેન્ડર એ સામાજિક અને સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ પર આધારિત છે અને પ્રાપ્ત દરજ્જો છે. સ્ત્રી અને પુરુષ તરીકે કેવી રીતે વર્તવું તે સંદર્ભમાં એકબીજાથી અલગ પડતો જેન્ડર એ સામાજિક ખ્યાલ છે.*
૩. **સમાજે - સમાજે ભિન્નતા :** *જેન્ડર એ સમાજે-સમાજે જુદો-જુદો જોવા મળે છે. કારણ કે જેન્ડર એ જન્મગત દરજ્જો નથી, પરંતુ સામાજિક અને સાંસ્કૃતિક પાસા સાથે*

RRIJM 2015, All Rights Reserved

સંકળાયેલો પ્રાપ્ત દરજ્જો છે જેમાં સમયાનુસાર ભિન્નતા જોવા મળે છે.

૪. **સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણમાં ઢાળતો ખ્યાલ :** જેન્ડર એ બાળકના જન્મ બાદ એટલે કે વ્યક્તિ જન્મે છે ત્યારબાદ એને સમાજનું સામાજિક વાતાવરણમાં ઢળતો ખ્યાલ છે.

૫. **સ્ત્રી-પુરુષના મહત્ત્વના પાસા સૂચવે છે :** જેન્ડર સ્ત્રી અને પુરુષ માટે સામાજિક, સાંસ્કૃતિક અને માનસિક પાસા કેટલા નિર્ણાયક અને મહત્ત્વના છે તે સૂચવે છે જેમાંથી ભૂમિકા, વલણો, મૂલ્યો તથા સામાજિક સંબંધો ઊભા થાય છે.

૬. **સમાનતા :** જેન્ડરમાં સમાનતાનો ખ્યાલ જોવા મળે છે. જેન્ડર સ્ત્રી અને પુરુષ માટે એકધારી છાપ ઊભી કરે છે.

૭. **સ્વખ્યાલ - સ્વ :** જેન્ડર સ્વખ્યાલ અને સ્વપ્રતિષ્ઠા નક્કી કરી શકે છે.

૮. **દરજ્જા, સત્તા અને સંબંધો :** જેન્ડર સ્રી અને પુરુષોના સંબંધો, સત્તા અને દરજ્જા સાથે સંકળાયેલ છે.

૯. **પરિવર્તન :** જેન્ડરમાં પરિવર્તન આવતું રહે છે. સંસ્કૃતિ, કુટુંબ અને સમાજ બદલાતા જેન્ડરની માન્યતા અને વલણોમાં પરિવર્તન આવે છે.

૧૦. **બાળજન્મ પછી જેન્ડરના ખ્યાલનો ઉદ્‌ભવ :** જેન્ડરનો ખ્યાલ બાળજન્મ પછી જ ઉદ્‌ભવે છે. જેમાં શિક્ષકો, કુટુંબ તથા સમવયસ્કો એટલે કે મિત્રો મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

૧૧. **આગવી ઓળખ :** જેન્ડર એ એક સ્ત્રી અને પુરુષ માટે કુટુંબ, જ્ઞાતિ, વર્ગ, ધર્મ વગેરેના સંદર્ભમાં એક આગવી ઓળખ ઊભી કરે છે. જે એના લૈંગિક દરજ્જા સાથે સંકળાયેલી હોય છે.

૧૨. **સ્વ, સંસ્કૃતિ, સંબંધો અને પરંપરાનો સમજવામાં ઉપયોગી :** જેન્ડર એ સ્વને સમજવામાં પોતાની સંસ્કૃતિ,, સામાજિક સંબંધો અને પરંપરાને સમજવામાં ઉપયોગી થાય છે અને તેથી જ કહેવાય છે

૧૩. **દરજ્જો દર્શાવતો અભિગમ :** જેન્ડર એ સમાજનાં સામાજિક અને સાંસ્કૃતિક માળખામાં સ્ત્રી અને પુરુષનાં દરજ્જો દર્શાવતો વ્યવસ્થિત અભિગમ છે.

૧૪. **સ્ત્રી અને પુરુષના તફાવતની રજૂઆત :** સમાજના સામાજિક અને સાંસ્કૃતિક માળખામાં છોકરો અને છોકરી - સ્ત્રી અને પુરુષની કેટેગરી નક્કી કરે છે અને એ બંનેનો તફાવત સામાજિક સંદર્ભમાં રજૂ કરે છે.

૧૫. **શીખવાની પ્રક્રિયા સાથે સંબંધિત :** જેન્ડર એ છોકરા અને છોકરીએ અલગ સામાજીકીકરણ કે જે સમાજ અને એના અલગ સાંસ્કૃતિક વાતાવરણથી નક્કી થાય છે તે સંદર્ભમાં અપેક્ષિત વર્તણૂક સૂચવતો ખ્યાલ છે. શીખવાની પ્રક્રિયા સાથે તે સુસંગત છે.

**લિંગ:** જીવશાસ્ત્રીય અને શારીરિક દૃષ્ટિએ સ્ત્રી અને પુરુષ તરીકેનો જે તફાવત જોવા મળે છે જેના આધારે સ્ત્રીલિંગ અને પુરુષલિંગની જે ઓળખ ઊભી થાય છે તે લિંગ છે. સ્ત્રી અને પુરુષમાં કેટલાક લૈંગિક તફાવતો જોવા મળે છે. જેમાં સ્ત્રી પાસે ગર્ભાશય, ગર્ભધારણ, બાળજન્મ, સ્તનપાન વગેરેની ક્ષમતા છે જેમાં હોર્મોન્સમાં ફેરફાર થતો રહે છે.

માનવસમાજમાં વ્યક્તિની જાતિ નક્કી કરવા ક્રોમોઝોન મહત્ત્વનો ભાગ ભજવે છે. સ્ત્રીઓના ગર્ભાશયમાં માત્ર ક્રોમોઝોન હોય છે, જ્યારે પુરુષના વીર્યમાં અને આ બંને ક્રોમોઝોન હોય છે. જ્યારે થી બીજ ફલિત થાય છે ત્યારે સ્ત્રી બાળકનો જન્મ થાય છે અને જ્યારે થી બીજ ફલિત થાય છે ત્યારે પુરુષ બાળકનો જન્મ થાય છે. લિંગ સાથે પુનરુત્પાદનની પ્રક્રિયા ગાઢ રીતે સંકળાયેલી છે. બિનજાતીય પુનરુત્પાદનમાં માત્ર કાર્બનકૉપી થાય છે. જ્યારે મૈથુન દ્વારા થતા પુનરુત્પાદનમાં માતા-પિતાના પ્રજોપત્પત્તિ પદાર્થો એટલે કે પદાર્થોનું સંતાનમાં આરોપણ થાય છે.

આમ, સ્ત્રી અને પુરુષને જીવશાસ્ત્રીય અને શારીરિક લાક્ષણિકતાના સંદર્ભમાં જોવામાં આવે તો સ્ત્રી અને પુરુષ રંગસૂત્રો, બાહ્ય અને આંતરિક ગુપ્તાંગો, હોર્મોન વગેરેના જૈવકીય તફાવતને લીધે સ્રીજાતિ અને પુરુષજાતિ લિંગની આગવી ઓળખ આપે છે.

**લિંગ અને જેન્ડરનો તફાવત :**

લિંગ અને જેન્ડર વચ્ચે અમુક તફાવતો રહેલા છે, જે નીચે મુજબ છે.

૧. લિંગને બદલી નથી શકાતું, જ્યારે જેન્ડર સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણ મુજબ બદલાય છે.

૨. લિંગ જૈવકીય બાબત છે જ્યારે જેન્ડર સામાજિક અને સાંસ્કૃતિક બાબત છે.

૩. લિંગ કુદરતી છે, જ્યારે જેન્ડર સામાજિક અને સાંસ્કૃતિક છે.

૪. લિંગ જૈવકીય હોવાથી એનો તફાવત સ્પષ્ટ રીતે જોઈ શકાય છે, જ્યારે જેન્ડર વૈવિધ્ય અને સંભવી શકે.

૫. લિંગ જનીનતત્ત્વો અને હોર્મોન્સ સાથે સંકળાયેલી બાબત છે, જ્યારે જેન્ડર સામાજિક - સાંસ્કૃતિ બાબતો સાતે સંકળાયેલી વર્તનપ્રણાલી છે.

૬. લિંગ કુદરતી હોવાથી વિશ્વમાં બધે સરખી રીતે જોવા મળે છે, જ્યારે સમાજ અને સંસ્કૃતિક બદલાતા સમય અનુસાર જેન્ડર વિશેના ખ્યાલ બદલાતા રહે છે.

૭. લિંગને માનવશરીર અને એના અવયવો સાથે સંબંધ છે, જ્યારે જેન્ડરને માનવશરીર કરતા એના સામાજીકીકરણ સાથે વધુ સંબંધ છે.

૮. હોર્મોન્સમાં આવતું પરિવર્તન સ્ત્રી અને પુરુષને અલગ રીતે અસર કરે છે, જ્યારે સામાજિક અને સાંસ્કૃતિક સમરૂપતા અને સરખું સામાજીકરણ હોય ત્યારે જેન્ડરમાં તફાવતો ઓછા હોય છે.

૯. લિંગ કુદરતી અને સતત હોવાથી એમા પરિવર્તન લગભગ અશક્ય છે, જ્યારે સમાજમાં સામાજિક સાંસ્કૃતિક, આર્થિક અને ટેક્નોલૉજિકલ પરિવર્તન સાથે જેન્ડરનો ખ્યાલ બદલાતો રહે છે.

૧૦. લિંગ આધારિત તફાવતો સ્ત્રી અને પુરુષના ભેદભાવ સર્જે છે. જેમ કે ગર્ભધારણ, સ્તનપાન વગેરે. જ્યારે જેન્ડરને લૈંગિક તફાવત સાથે નહીં પણ સામાજિકીકરણ સાથે સંબંધ છે.

૧૧. લિંગને કારણે આપણે સ્ત્રી અને પુરુષ તરીકે અલગ ઓળખાણ ધરાવીએ છીએ, જ્યારે જેન્ડર સ્ત્રી અને પુરુષ બંને સાથે સંકળાયેલ છે.

૧૨. લિંગ આધારિત જાતિ બદલી શકતા નથી. એનો આધાર રંગસૂત્રો પર છે, જ્યારે જેન્ડરનો આધાર સામાજિક-સાંસ્કૃતિક છે. પૌરુષત્વ અને સ્ત્રીવનો ખ્યાલ એની સાથે સંકળાયેલા છે.